Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ००७, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# : કાર્યવાહી :

સિન્ડિકેટની તાકીદની સભા, સોમવાર, તા.૨૬–૧૨–૨૦૨૨ના રોજ બપોરેઃ ૦૨–૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સભાખંડ, નવું વહીવટી ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ | સભ્યોના નામ | હાજરી |
|---|---|---|
| ૧. | ડૉ.કિશોરસિંહ નટવરસિંહ ચાવડા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | VACANT (માનનીય ઉપકુલપતિશ્રી) | --- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | --- |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | --- |
| ૬. | ડૉ.જયંતીભાઈ સુરેશભાઈ ચૌધરી | ઓનલાઈન હાજર |
| ૭. | ડૉ.નીતિન મગનલાલ પટેલ | ઓનલાઈન હાજર |
| ૮. | માલી નિમેષ જયસુખલાલ | ગેરહાજર |
| ૯. | ડૉ.કે. સી. પોરીયા | હાજર |
| ૧૦. | ડૉ.ખરચિયા કશ્યપસિંહ પ્રવિણસિંહ | હાજર |
| ૧૧. | અલગોતર કનુભાઈ મોતીભાઈ | હાજર |
| ૧૨. | શ્રી નિશાંત મોદી | ગેરહાજર |
| ૧૩. | શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ એન્ડ નોટરી પબ્લિક) | હાજર |
| ૧૪. | VACANT | --- |
| ૧૫. | ડૉ.જોશી સ્નેહલ કિરણભાઈ | ઓનલાઈન હાજર |
| ૧૬. | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | ઓનલાઈન હાજર |
| ૧૭. | શ્રી સંજયભાઈ લાપસીવાલા | હાજર |
| ૧૮. | શ્રી વિમલભાઈ શાહ | ગેરહાજર |
| ૧૯. | શ્રી હસમુખભાઈ પ્રેમજીભાઈ પટેલ | હાજર |
| ૨૦. | ડૉ.પારૂલબેન કિશોરકાંત વડગામા | ગેરહાજર |

૧. રૂસા ગ્રાન્ટ અંતર્ગત યુનિવર્સિટીને કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને તેના ઉપયોગની દેખરેખ અંગેની પ્રથામાં થયેલ ફેરફાર અંગે તા. ૨૨–૧૨–૨૦૨૨ના રોજ યોજાયેલ ગ્રાન્ટ યુટિલાઈઝેશન કમિટિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(યુ. જી. સી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રૂસા ગ્રાન્ટ અંતર્ગત યુનિવર્સિટીને કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને તેના ઉપયોગની દેખરેખ અંગેની પ્રથામાં થયેલ ફેરફાર અંગે તા.૨૨–૧૨–૨૦૨૨ના રોજ યોજાયેલ ગ્રાન્ટ યુટિલાઈઝેશન કમિટિના અહેવાલનો યથાવત સ્વીકાર કરી મંજૂરી આપવામાં આવે છે.**

૨. યુનિવર્સિટી દ્વારા ઓકટોબર/નવેમ્બર–૨૦૨૨ દરમ્યાન લેવાનાર પરીક્ષાઓની ઉત્તરવહીઓની બંચીગ/બાઈડીંગ તેમજ મૂલ્યાંકન કરાવવા જેવી પરીક્ષાઓની કામગીરી દૈનિક રોજમદાર કર્મચારીઓ પાસે કરાવવામાં આવે છે. જે અંગે અત્રેના વિભાગની તા.૦૬/૧૦/૨૦૨૨ની કાર્યાલય નોંધમાં જણાવ્યા પ્રમાણે વહીવટી વિભાગ દ્વારા આપવામાં આવેલ ટચૂકડી જાહેરાતથી તા.૦૩/૧૦/૨૦૨૨ના રોજ મા.કુલપતિશ્રી નિયુકત સમિતિના સભ્યોએ જુ.કલાર્ક તેમજ પટાવાળાની સ્કીલ ટેસ્ટ રાખેલ, જેમાં આ સાથે સામેલ યાદી મુજબ જુ.કલાર્ક તેમજ પટાવાળાની પસંદગી કરવામાં આવેલ છે.

વધુમાં, પરીક્ષા વિભાગની તા.૨૪/૦૯/૨૦૨૨ી કાર્યાલય નોંધમાં જણાવ્યા મુજબ મૂલ્યાંકન ભવન ખાતે ચાલતી પરીક્ષાની અતિગોપનીય કામગીરી માટે રોજમદાર કર્મચારીઓની ભરતી કરવામાં આવેલ છે, જે સંદર્ભે શ્રમ, કોશલ્ય, વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર ના તા.૦૫ મે, ૨૦૨૨ના નોટીફીકેશનને (આ સાથે સામેલ છે) ને અવલોકને લેતાં ઉપરોકત રોજમદાર કર્મચારીઓની પગાર બાબત નાણા સમિતિને ભલામણ કરેલ, જે નાણા સમિતિએ તેની તા.૦૬–૧૦–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંક : (૯) મુજબ સરકારશ્રીના ધારાધોરણ મુજબ કાર્યવાહી કરવી. વધુમાં, યુનિવર્સિટીની તા.૨૩/૧૧/૨૦૨૨ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશાનુસાર લીગલ અભિપ્રાય મળેલ હોય જે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (મૂલ્યાંકન ) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા ઓકટોબર/નવેમ્બર–૨૦૨૨ દરમ્યાન લેવાનાર પરીક્ષાઓની ઉત્તરવહીઓની બંચીગ/બાઈડીંગ તેમજ મૂલ્યાંકન કરાવવા જેવી પરીક્ષાઓની કામગીરી દૈનિક રોજમદાર કર્મચારીઓ પાસે કરાવવામાં આવે છે. જે અંગે અત્રેના વિભાગની તા.૦૬/૧૦/૨૦૨૨ની કાર્યાલય નોંધમાં જણાવ્યા પ્રમાણે વહીવટી વિભાગ દ્વારા આપવામાં આવેલ ટચૂકડી જાહેરાતથી તા.૦૩/૧૦/૨૦૨૨ના રોજ મા.કુલપતિશ્રી નિયુકત સમિતિના સભ્યોએ જુ.કલાર્ક તેમજ પટાવાળાની સ્કીલ ટેસ્ટ રાખેલ, જેમાં યાદી મુજબ જુ.કલાર્ક તેમજ પટાવાળાની પસંદગી કરવામાં આવેલ છે.**

**વધુમાં, પરીક્ષા વિભાગની તા.૨૪/૦૯/૨૦૨૨ી કાર્યાલય નોંધમાં જણાવ્યા મુજબ મૂલ્યાંકન ભવન ખાતે ચાલતી પરીક્ષાની અતિગોપનીય કામગીરી માટે રોજમદાર કર્મચારીઓની ભરતી કરવામાં આવેલ છે, જે સંદર્ભે શ્રમ, કોશલ્ય, વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૫ મે, ૨૦૨૨ના નોટીફીકેશનને અવલોકને લેતાં ઉપરોકત રોજમદાર કર્મચારીઓની પગાર બાબત નાણા સમિતિને ભલામણ કરેલ, જે નાણા સમિતિએ તેની તા.૦૬–૧૦–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંક : (૯) મુજબ સરકારશ્રીના ધારાધોરણ મુજબ કાર્યવાહી કરવી. વધુમાં, યુનિવર્સિટીની તા.૨૩/૧૧/૨૦૨૨ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશાનુસાર લીગલ અભિપ્રાય મળેલ હોય જે સંદર્ભે યુનિવર્સિટીના વકીલશ્રીએ આપેલ અભિપ્રાય મુજબ તા.૦૧–૧૨ –૨૦૨૨થી ચૂકવણું કરવું.**

૩. ઓર્ડિનન્સ – ૩૬ પર પુનઃવિચારણા કરવા બાબત.

(હિસાબી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરિશિષ્ટ : ' ૧ ' માં દર્શાવ્યા મુજબનો ઓર્ડિનન્સ – ૩૬ ને મંજૂર કરી અમલ કરવો અને આગામી સેનેટની સભામાં રજૂ કરવો.**

**(પરિશિષ્ટ : ' ૧ ')**

**<u>અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી.</u>**

૪. Surat Literary Foundation ના ભારત @ ૨૦૪૭ કાર્યક્રમ વિષય અંગેના તા.૨૦–૧૨–૨૦૨૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** Surat Literary Foundation **ના ભારત** @ **૨૦૪૭ કાર્યક્રમ વિષય અંગેના તા.૨૦–૧૨–૨૦૨૨ના પત્ર સંદર્ભે સંસ્થાને સદર કાર્યક્રમ માટે પત્રમાં જણાવ્યા અનુસાર જરૂરી માળખાકીય સુવિધાઓ ફાળવવી અને તે અંગે સંસ્થા પાસેથી મૂળભૂત ખર્ચ (બેઝીક કોસ્ટ) વસુલ કરવો. આ કાર્યક્રમ સંદર્ભે યુનિવર્સિટીની કોઈ આર્થિક જવાબદારી રહેશે નહીં.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ/સિન્ડિકેટ/કાર્યવાહી/૩૦૮૯૪/૨૦૨૨
તા. ૨૬ –૧૨–૨૦૨૨

**Sd/-**
**કુલસચિવ**

પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ.........**